SOUTH GUJARAT UNIVERSITY
Udhna-Magdalla Road, P.B. No. 49
SURAT - 395 007 (Gujarat)
✆ : 2227141 to 2227146
Fax : (0261) 2227312
Gram : SOGUNI

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯
સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)
✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
ફેકસ : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
તાર : સોગુની

E-mail : sgu@sguernet.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**
**તા.૨૯–૧–૨૦૦૪**

**ખાનગી**
**ફકત સભ્યોની જાણ માટે**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા: ૨૯–૧–૨૦૦૪ ના રોજ બપોરે, ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | ગેરહાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | ગેરહાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | ગેરહાજર |

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાં નીચેના શોક દર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. જેને સભા ગૃહે ૨ મિનિટનું મૌન પાળી પસાર કર્યા હતાં:

## શોક દર્શક ઠરાવ

### (૧) (સ્વ. શ્રી જયકર આર. સોલંકી)

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના વ્યાખ્યાતા શ્રી જયકર રણછોડભાઈ સોલંકીના તા. ૧૮–૧–૨૦૦૪ ના રોજ અકસ્માતને કારણે નાનીવયે અચાનક દુ:ખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે.

શ્રી જયકરભાઈ સોલંકી આ યુનિવર્સિટીમાં તા. ૪–૭–૧૯૯૪ના રોજ વ્યાખ્યાતા તરીકે જોડાયા હતાં આ પદ પર રહી આ યુનિવર્સિટીમાં ૧૦ વર્ષ જેટલી એકધારી સેવા બજાવી છે. તેઓ મિલનસાર, સ્પષ્ટ વકતા, સાલસ સ્વભાવના તેમજ વ્યવહારુ ઉકેલ શોધી કાઢવાની કુશળતાવાળા હતાં. શ્રી જયકરભાઈ સાહિત્ય, કવિતા તેમજ શાયરીમાં રસ ધરાવતાં હતાં, અને સંગીતના પણ તેટલાજ શોખીન હતાં, તેઓ આ દિવસે પ્રભુભકિતમય સંગિતમાંથી પરવારી રાત્રે તેમના ઘરે આવતાં માર્ગમાં અકસ્માત થતાં તેમનુ પ્રાણ પંખેડું ઉડી ગયું હતું તેમના અચાનક અકાળ અવસાનથી એમના પરિવાર ઉપર આવી પડેલ અણધારી આપતિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તથા સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ અર્પે તેવી આ સભા પ્રાર્થના કરે છે.

### (૨) (સ્વ. પ્રા.ડૉ. રમાબેન એચ.પટેલ)

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટીના સંલગ્ન જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીના સંસ્કૃત વિષયના વ્યાખ્યાતા પ્રા. ડૉ. રમાબેન હરીભાઈ પટેલનું તા. ૧૫–૧–૨૦૦૪ના થયેલ દુ:ખદ અવસાન બદલ શોકની લાગણી વ્યકત કરે છે.

પ્રા. ડૉ. રમાબેન એચ. પટેલે ૧૯૮૦માં પ્રથમ મરોલીની હાઈસ્કુલમાં મદદનીશ શિક્ષક તરીકે જોડાઈ શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેઓ ૧–૭–૧૯૯૧ થી ઉચ્ચશિક્ષણમાં અમરોલીની કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા. "પ્રમુખ સંસ્કૃત નાટકોમાં રાજનીતી વિષયક સિધ્ધાંતો" વિષય પર મહાનિબંધ લખી ૧૯૯૦માં આ યુનિવર્સિટીની પીએચ.ડી ની ઉપાધી મેળવી હતી. કોલેજમાં તેઓ સાહિત્યીક વાદ્સભા અને વકતૃત્વ જેવી બૌધિક પ્રવૃતિ માટેની સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. ૧. 'પ્રભુ પ્રસાદ' નામના મેગેઝિનમાં 'શાસ્ત્રવાચન' નામે લેખ લખતા હતા. ૨. શ્રી શારદાપીઠ વિદ્યાસભા દ્યારિકામાં ૨૭માં વાર્ષિક અધિવેશનમાં 'મમ્મટ અને જયદેવનો ગુણ વિચાર' લેખ રજૂ કર્યો હતો. તેમના શાન્ત, મિલનસાર, મૃદભાષી સ્વભાવને કારણે તેઓ સહકર્મચારીગણમાં પ્રિય હતા તેમના અકાળ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આપતિ સહન કરવાની પ્રભુશકિત અર્પે તથા સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે તેવી આ સભા પ્રાર્થના કરે છે.

(૧) સિન્ડિકેટના ૯–૧–૨૦૦૪ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની સામાન્ય સભાની કાર્યવાહી નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

૧. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની સભાની કાર્યવાહીના પાના નં.–૨ પર તા.૫–૧૨–૨૦૦૩ની કાર્યવાહી મંજૂર કરતી વખતે કરવામાં આવેલ સુધારા ૧ અને (૨) રદ ગણવા.

૨. સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૦૩ના પાના નં.– ૧૦ પર ઠરાવ ક્રમાંક:(૨૬) માં સભ્યોની નિમણૂક આર્ડિનન્સ – ૧૬૮ મુજબ ન થઈ હોય, તે રદ ગણવી.

૩. સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૦૩ના પાના નં–૧૧ પર ઠરાવ ક્રમાંક:(૨૮)માં હેલ્થ સેન્ટર સ્ટેડીંગ કમિટિ ઑર્ડિનન્સ–૮૬ મુજબ બનાવવી જરૂરી હોઈ, હેલ્થ સેન્ટર એડવાઈઝરી કમિટિ રદ ગણવી.

૪. <u>સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની સભામાં અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી:</u>

(૧૩૬) Ordinance-168 અંતગર્ત Joint Consultative Committee for the Non-Teachig staff of the University ની કલમ 3(d) અને 3(e) માં કરવામાં આવેલ જોગવાઈના સંદર્ભમાં અનુક્રમે (૧) સિન્ડિકે**ટ** સભ્યો માંથી એક વર્ષની મુદ્ત માટે બે અને (૨) સિન્ડિકેટ ધ્વારા (not being the members of the Syndicate ) એક વર્ષની મુદ્દત માટે સિન્ડિકેટ ધ્વારા બે સભ્યોના નામોનું સૂચન થવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

કલમ : 3(d) માં નીચે મુજબની જોગવાઈ છે.:–

Two members nominated by the Syndicate from amongst its members for a period of one year.

કલમ : 3(e) માં નીચે મુજબની જોગવાઈ છે.:–

Two members of the Senate (not being the members of the Syndicate) nominated by the Syndicate from a period of one year.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓ માટેની જોઈન્ટ કન્સ્લ્ટેટિવ કમિટી પર ઑર્ડિનન્સ–૧૬૮(૩)(ડી) અન્વયે, બે સિનિડેકેટ સભ્યો, બે સેનેટના સભ્યો (સિન્ડિકેટ પર ન હોય તેવા)ની એક વર્ષની મુદ્દત માટે નીચે જણાવેલ સભ્યોની નિમણૂક કરવી:

(૧) શ્રી નૈષધ દેસાઈ (૨) શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા

(૩) આ.ડો. વિનોદભાઈ પટેલ(સુરત) (૪) ડો.પી.કે.પટેલ

(૧૩૭) ઓર્ડિનન્સ–૮૬ મુજબ યુનિવર્સિટી કેમ્પસ ખાતેના હેલ્થ સેન્ટર માટે 'હેલ્થ સેન્ટર સ્ટેડીગ કમિટિ' માં બે સિન્ડિકેટ સભ્યોની નિમણૂક કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, હેલ્થ સેન્ટર સ્ટેડીગ કમિટિ પર નીચેના બે સિન્ડિકેટ સભ્યોની નિમણૂક કરવી.

(૧) પ્રા. જયેશ દેશકર (૨) ડો.મહેન્દ્ર ચૌહાણ

૫. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૧૬ પર ઠરાવ ક્રમાંક:(૨) થી (૭૯) માં માર્ગદર્શક સિધ્ધાંતો પૈકી ક્રમાંક:(૨) માં એકેડેમિક ડીન, પછી 'આચાર્ય' શબ્દ ઉમેરવો તથા અધ્યક્ષ પછી 'વગેરે' શબ્દ ઉમેરી વાંચનમાં લેવું.

૬. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યાવાહીના પાના નં–૧૭ પર ઠરાવ ક્રમાંક:(૮૦) અને (૮૧) માં માર્ગદર્શક સિધ્ધાંતો પૈકી ક્રમાંક: (૨) માં અધ્યક્ષ પછી 'વગેરે' શબ્દ ઉમેરી વાંચનમાં લેવું.

૭. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૨૨ પર ઠરાવ ક્રમાંક:(૯૫) માં ક્રમાંક:(૫) પછી '૫–અ' તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી.

'૫–અ. પ્રાયોજન અધિકારી

(માંડવી, સોનગઢ, વાંસદા અને રાજપીપળા) નો સમાવેશ કરવો. એમ સુધારીને વાંચનમાં લેવું'

૮. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૪૯ પર ઠરાવ ક્રમાંક: ૧૨૦ માં 'એક વર્ષનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી' તેને બદલે 'એક વર્ષ માટેની માનયતા ચાલુ રાખવી' એમ સુધારીને વાંચનમાં લેવું.

૯. સિન્ડિકેન્ટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૫૧ પર ઠરાવ ક્રમાંક:(૧૨૧) સિન્ડિકેટના ઠરાવ રદ ગણવો અને તેને બદલે 'પ્રસ્તુત બાબતની વિચારણા મુલવતી રાખવી' એમ વાંચનમાં લેવું.

૧૦. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૫૧ પર ઠરાવ ક્રમાંક:(૧૨૩) માં 'આગળની કાર્યવાહી કરવી' ને બદલે 'સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી' એમ સુધારીને વાંચનમાં લેવું.

૧૧. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૫૯ પર ઠરાવ ક્રમાંક:(૧૩૦) માં ઠરાવના અંતમાં નીચે સુધાર્યા પ્રમાણે વાંચનમાં લેવું.

– 'Custom & Clearing Charges will be extra'

- Exchange rates will be considered at the time of payment to the principal

૧૨. સિન્ડિકેટની તા.૯–૧–૨૦૦૪ની કાર્યવાહીના પાના નં–૬૦ પર ઠરાવ ક્રમાંક:(૧૩૪) માં ક્રમાંક:(૧) આ.શ્રી.જી.પી.સનાઢ્ય ના નામની સામે '(કન્વીનર)' શબ્દ ઉમેરીને વાંચનમાં લેવું.

(૨) જૂન, ૨૦૦૩ થી સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્રારા પુણાગામ સ્વનિર્ભર શારદા બી.ઍડ્. કોલેજનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સ્થળ પર તપાસ કરી યુનિવર્સિટીને અહેવાલ આપવા માટે સિન્ડિકેટ, તા. ૨૯–૦૪–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૭) અન્વયે, બનેલી સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં શરત ક્રમાંક : (૧) અનુસાર શરતોના પરિપાલન અંગેનો અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નિયુકત કરેલ ચકાસણીસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ ચકાસણીસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત ધ્વારા પૂણાગામ સ્વનિર્ભર શારદા બી.એડ્. કોલેજનું નવું જોડાણ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં ચકાસણી સમિતિનો અહેવાલ સ્વીકારવો અને સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનું પાલન કર્યુ નહોવાથી જોડાણ આપવુ નહી.

(૩) સુટેક્ષ બેંક કોલેજ ઓફ્ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રીએ તેમના તા.૯–૧–૨૦૦૪ના પત્રાંક:૮૩/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) પરીક્ષાઆચારસમિતિની તા.૧૨–૧૨–૨૦૦૩નીસભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૨–૧૨–૨૦૦૩ની પરીક્ષા આચારસમિતિની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની યથવાત મંજૂર કરવી.

(પરિશિષ્ટ–'ક')

(૫) એપ્રિલ ૨૦૦૨માં ભરૂચ કેન્દ્રમાં લેવાયેલ ટી.વાય.બી.એસસી. પરીક્ષાના બેઠક ક્રમાંક: ૩૭૧વાળા પરીક્ષાર્થી અંગે થયેલ ફરિયાદ બાબતમાં કુલપતિશ્રીના આદેશ અનુસાર પ્રા.અનિલભાઈ ગોયલ અને પ્રા.ગિરીશભાઈ રાણાને તપાસ કરી રિપોર્ટ આપવા અંગે જણાવવામાં આવ્યું હતું.

પ્રા.અનિભાઈ ગોયલ તેમજ પ્રા.ગિરીશભાઈ રાણાએ તેમનો અંતિમ રિપોર્ટ આજ દિન સુધી કાર્યાલયને મોકલેલ નથી. વિદ્યાર્થી ક્રમાંક:૩૭૧ વાળા પરીક્ષાર્થીના પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એપ્રિલ ૨૦૦૨માં ભરૂચ કેન્દ્રમાં લેવાયેલી ટી.વાય.બી.એસસી. પરીક્ષાના બેઠક ક્રમાંક: ૩૭૧ વાળા પરીક્ષાર્થીનું પરિણામ જાહેર કરવું.

(૬) ભરથાણાની ડી.આર.બી. કોમર્સ કોલેજમાં તેના ટ્રસ્ટે પૂર્ણ સમયના અધ્યાપીકા શ્રીમતી અવનિન્દ્રાબેન દીક્ષીતે સદરહું કોલેજના રોજીંદા વહેવાર તેમજ વહીવટી કામોના નિકાલ માટે જયાં સુધી કાયમી આચાર્યશ્રીની નિમણૂક ન થાય ત્યાં સુધીના સમય માટે ઈન્ચાર્જ આચાર્યશ્રી તરીકે નીમ્યા છે., તેની જાણ થવા સારૂ. ( સિન્ડિકેટ )

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

(૭) ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪નું બીજુ સત્ર ચાલતુ હોય અને પુન:મુલ્યાંકનને કારણે પરિણામ સુધરતા નીચેના બે વિદ્યાર્થીઓએ તેની સામે દર્શાવેલ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા યુનિવર્સિટી કાર્યાલયને કરેલ અરજી અવલોકનમાં લેતા અને તે વિદ્યાર્થીઓ જે તે વિષયના મેરીટ મુજબ પ્રવેશપાત્ર થતા હોય તે અવલોકનમાં લેતા પ્રવેશ આપવો કે કે કેમ? તે પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

| વિદ્યાર્થીનું નામ | પ્રવેશ માટેનો અભ્યાસક્રમ |
|---|---|
| કમલેશ અને. વૈષ્ણવ | પી.જી.ડી.એમ.એલ.ટી |
| આશિષ આર. પાટીલ | એલ.એલ.એમ. |

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત વિદ્યાર્થીઓની અરજી ગ્રાહય રાખવી નહી.

(૮) યુનિવર્સિટી એમ.બી.એ. અનુસ્નાતક વિભાગના વડાશ્રીના એમ.બી.એ. ભાગ–૨ (ત્રીજા સેમેસ્ટર) ના નીચેના વિદ્યાર્થીની ખુટતી હાજરી (તા.૩૧–૧૨–૨૦૦૩નો પત્ર ક્રમાંક નં. M.B.A./Attendance/4C/6849/2003) કોન્ડોન કરવાની સત્તા સિન્ડિકેટને હોય જે પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનમમ લેકચર એટેન્ડડ | વિદ્યાથી ની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શર્મા મોહીત | 97 | 73<br>75% | 40<br>41% | 33<br>34% | |

(Ordinance 61 – (I)(C) Deficiency up to 25% and up to 40% (i.e. Where attendance is 50% and 35%) by the Syndicate

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત વિદ્યાર્થીની ખુટતી હાજરી કોન્ડોન કરવી નહીં.

(૯) સિન્ડિકેટ તેની તા.૧૩–૧૧–૨૦૦૩ના રોજ ના ઠરાવ ક્રમાંક:(૬૦)ની નિમેલ સમિતિ તરફથી મળેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત. (કોમ્પ્યુટર)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિના અહેવાલનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો તથા અહેવાલમાં જણાવેલ વિવિધ બાંધકામો માટે જે તે વિભાગના ફંડમાંથી સૌ પ્રથમ ખર્ચ કરવો. ત્યાર બાદ જે તે પ્રોજેકટ પૂર્ણ કરવામાં ઘટ પડતી હોય તો, યુનિવર્સિટીના ફંડમાંથી રકમ ફાળવવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટમાં જણાવેલ (b) Women's Hostel અને (c) Staff Amenities માટે ઘટતો નિર્ણય લેવાની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને સત્તા આપવી.

(પરિશિષ્ટ–'ખ')

(૧૦) કે.બી.સુમેરિયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી નવો સ્વનિર્ભર અભ્યાસક્રમ પી.જી.ડી.એમ.એલ.ટી.ની "રેકગ્નાઇઝડ ઈન્સ્ટિટયૂટ" તરીકેની માન્યતા મેળવવા પ્રસ્તુત કોલેજના ટ્રસ્ટશ્રીએ તેમના તા.૧૬–૧–૨૦૦૪ ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૧૧) સરકારી બી.એડ્. કોલેજ, વાંસદાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૦–૧–૨૦૦૪ના પત્રાંક:૧૯/૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૨) સરકારી બી.એડ્ કોલેજ, મહુવાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૯–૧–૨૦૦૪ના પત્રાંક:૫૧/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૩) તા.૧૨/૧૫–૧૨–૨૦૦૩ ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : **(૧,૨,૫,૧૦ અને ૪૨ )** પર વિચારણા કરવા બાબત.

(એસ્ટેટ)

ભલામણો પૈકી ક્રમાંક **(૧,૨,૫,૧૦ અને ૪૨ )** નીચે પ્રમાણે છે.

૧. **બાબત :–૧**

**કેમ્પસખાતે બંધાનાર નર્મદ ભવનના મકાનના રૂ. ૮૫,૧૮,૭૧૮/– નાં નકશા અને અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસખાતે બંધાનાર નર્મદ ભવનના મકાનના રૂ. ૮૫,૧૮,૭૧૮/– નાં નકશા અને અંદાજપત્રો પર વિચારણા કરતા આખરી નિર્ણય લેવાની સત્તા સિન્ડિકેટને આપવામાં આવે છે.

૨. બાબત :–૨

**કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા અને પાર્કિંગ એરીયા બનાવવા અંગે રૂ. ૧૩, ૭૫,૨૧૦/– ના અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા અને પાર્કિંગ એરીયા બનાવવા અંગે રૂ. ૧૩, ૭૫,૨૧૦/– ના અંદાજપત્ર પર વિચારણા કર્યા બાદ રૂ. ૧૦,૦૦,૦૦૦/– ની અંદાજીત મર્યાદામાં બનાવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૩. **બાબત :– ૫**

**કેમ્પસ ખાતે કંડીશનીંગ હોલ બાંધવા અંગેના રૂ. ૧૩,૦૧,૧૬૪/– ના નકશા અને અંદાજપત્રકો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે કંડીશનીંગ હોલ બાંધવા અંગેના રૂ. ૧૩,૦૧,૧૬૪/– ના નકશા અને અંદાજપત્રકો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. **બાબત :–૧૦.**

**કેમ્પસ ખાતે રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટનું મકાન બાંધવાના નકશા પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટનું મકાન બાંધવાના આર્કિટેકટશ્રી મનીષ ચોકસી તરફથી રજૂ થયેલ પ્લાન ઉપર ચર્ચા કર્યા પછી હાલમાં ફકત ફેઈઝ – ૧ માં ગ્રાઉન્ડ ફ્લોર વપરાશમાં આવે તે રીતે પ્લાનીંગ કરવું. અને ફેઈઝ – ૨ માં

પહેલા માળનું બાંધકામ થાય તે રીતે પ્લાનીંગ કરી તેના અંદાજો સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૫. <u>બાબત :–</u> ૪૨

**કેમ્પસ ખાતે બાસ્કેટ બોલ કોર્ટ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે ચર્ચા વિચાણા કરતા બે આર્કિટેકટો તરફથી મળેલ નકશા અને અંદાજો ઉપર વિચારણા કરતા શ્રી મનીષભાઈ ચોકસી તરફથી મળેલા નકશા અને અંદાજો રૂા. ૬,૭૯,૦૦૦/– મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે અને વધુમાં આ કોર્ટ પાસે ફલડ લાઈટ લગાડવી કે કેમ તે અંગે આખરી નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૬ લાખ** થવા જાય એમ છે.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, તા.૧૨/૧૫–૧૨–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અનેબાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક: ૧, ૨, ૫, ૧૦ અને ૪૨ અન્વયે, નીચે પ્રામણે લેવા:

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, આ બંધાનારા મકાનનોમાં જરૂરી ફેરફાર કરવાની જરૂર જણાય તો તેમ કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

<u>ભલામણ ક્રમાંક:(૧) અંગે સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: કેમ્પસ ખાતે બંધાનાર નર્મદ ભવનના મકાનના રૂા.૮૫,૧૮,૭૧૮/–ના નકશા અને અંદાજપત્રો મંજુર કરવામાં આવે છે.

પ્રસ્તુત મકાન માટે થનાર ખર્ચ કેન્દ્રિય બી.એડ. પ્રવેશ સમિતિ ફંડ, જી.સેટ.(એમ.બી.એ./એમ.સી.એ.) કેન્દ્રિય પ્રવેશ સમિતિ ફંડ, નિરંતર શિક્ષણ ફંડ, અન્ય કેન્દ્રિય પ્રવેશ ફંડ, વીસી કોન્ફરન્સ ફંડ માંથી લેવા અને ખૂટતાં નાણાં એફીલીયેશન ફી ફંડ માંથી લઈ ખર્ચ પાડવાનું રાખવું.

<u>ભલામણ ક્રમાંક:(૨) અંગે સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા બનાવવા રૂા.૧૦,૦૦,૦૦૦/– અંદાજીત મર્યાદામાં રહે તે રીતે મંજૂર કરવામાં આવે છે અને પ્રસ્તુત પ્લાઝા માટે થનાર ખર્ચના નાણાં એફીલીયેશન ફી ફંડમાંથી લઈ ખર્ચ પાડવાનું રાખવું.

<u>ભલામણ ક્રમાંક:(૫) અંગે સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: કેમ્પસ ખાતે કન્ડીશનીંગ હોલ બાંધવા અંગેના રૂ.૧૩,૦૧,૧૬૪/–ના નકશા અને અંદાજપત્રકો મંજૂર કરવામાં આવે છે. પ્રસ્તુત હોલ માટે થનાર ખર્ચ સ્પોર્ટસ ફી ફંડમાંથી લઈ ખર્ચ પાડવાનું રાખવું.

<u>ભલામણ ક્રમાંક:(૧૦) અંગે સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: કેમ્પસ ખાતે રૂરલ સ્ટડીઝ ડીપાર્ટમેન્ટનું મકાન બાંધવાના આર્કીટેકટ શ્રી મનીષ ચોકસીનાં પ્લાન મંજૂર કરવામાં આવે છે. યુ.જી.સી.ના રૂ. ૨૫ લાખ ગ્રાંટ તે સિવાય રૂ. ૨૫ લાખ યુનિવર્સિટીએ એફીલીયેશન ફી ફંડ માંથી ફાળવવામાં આવે છે. કુલ પ્રોજેકટ બે ભાગમાં બનાવીને પ્રથમ તબકકામાં રૂ. ૫૦ લાખ અને બીજા તબકકામાં બાકીનો પ્રોજેકટ તૈયાર કરવામાં આવે.

<u>ભલામણ ક્રમાંક:(૪૨) અંગે સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: કેમ્પસ ખાતે બાસ્કેટ બોલ કોર્ટ બનાવવા આર્કીટેકટ શ્રી મનીષભાઈ ચોકસી તરફથી મળેલા નકશા અને અંદાજ રૂ.૬,૭૯,૦૦૦/– મંજૂર કરવામાં આવે છે અને પ્રસ્તુત બાસ્કેટ બોલ કોર્ટ બનાવવાનો ખર્ચ સ્પોર્ટસ ફંડમાંથી કરવાનું અને ઘટે તો એફીલીએશન ફી ફંડ માંથી કરવાનું રાખવું. વધુમાં, આ કોર્ટ પાસે હાલમાં ફલડ લાઈટ લગાડવી નહીં.

(૧૪) સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી એફ.વાય., એસ.વાય. સ્વનિર્ભર બી.એસસી.(મેડિકલ ટેકનોલોજી)નું ચાલુ તથા ટી.વાય.બી.એસસી.નું વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રીએ તેમના તા.૯–૧–૨૦૦૪ના પત્રાંક:૮૩/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૫) કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે યુ.જી.સી. તરફથી દશમી પંચવર્ષીય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.૨,૩૦,૦૦૦/– ના ખર્ચ, જનરેટર સેટ ૨૫KVA Kirloskar ખરીદવા માટે ફરી મંગાવેલ ટેન્ડરના ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

(કેમેસ્ટ્રી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષિય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાંટ માંથી જનરેટર સેટ ૨૫ KVA

Kirloskar make ખરીદવા માટે મળેલ ટેન્ડરો પૈકી M/S H.M. Engineers, Ahmedabad પાસે ઘટાડેલ ભાવે રૂા.૨,૩૦,૦૦૦/– માં ખરીદવું.

(૧૬) યુનિવર્સિટી સંલગ્ન શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સીસ, વરાછારોડ, સુરતમાં બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાને કારણે પ્રસ્તુત અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫ થી ક્રમશ: વર્ગો બંધ કરવાની વિનંતી કરતા શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતનાં પ્રમુખશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તા.૨૨–૧૨–૨૦૦૩ના પત્રાંક:૨૨૨/૦૨–૦૩ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સીસ, વરાછારોડ, સુરતમાં બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાને કારણે પ્રસ્તુત અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી ક્રમશ: વર્ગો બંધ કરવાની સંચાલક મંડળની પ્રમુખશ્રીએ તા.૨૨–૧૨–૨૦૦૩ના પત્રથી કરેલી વિનંતી સ્વીકારવી.

(૧૭) શ્રી સ્વામિનારાયણ વિશ્વ વિદ્યાપીઠ, કડોદરા દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫થી નવી સ્વનિર્ભર સૂચિત મહિલા બી.એડ્. કોલેજ શરૂ કરવા માટે મુંબઈની એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું "ના વાંધા પ્રમાણપત્ર" (N.O.C) મેળવવા માટે પ્રસ્તુત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૧૭–૧૨–૨૦૦૩નાં પત્રાંક:બી.એડ્/પ્રપોઝલ/૨૬૫ ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: પ્રસ્તુત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૧૮) સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝની એપ્રુવડ ઈન્સ્ટિટયૂટ તરીકેની માન્યતાની અરજીના સંદર્ભમાં જણાવવાનું કે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની સિન્ડિકેટની તા. ૨૮–૨–૨૦૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક: (૩૭) અનુસાર સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરતને નીચેની બાબતોને ધ્યાનમાં લેવાય તે રીતે એપ્રુવડ ઈન્સ્ટિટયૂટ તરીકે સૈધ્ધાંતિક માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે.

(સિન્ડિકેટ)

(૧) યુનિવર્સિટી સામે ચાલતો કોર્ટ કેસ પાછો ખેંચી લેવો અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.

(૨) આપને ત્યાં સંશોધન કરતા ફેલો (Fellow) એ પી.એચડી. સુપરવાઈઝીંગ ટીચર તરીકે માન્યતા મેળવવા માટે યુનિવર્સિટીને નિયમોનુસાર અરજી કરવાની રહેશે. તેવી જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૯/૧૬–૪– ૨૦૦૩ ના પત્રાંક એસ–એ (૦૩) / ૩૧૩૫ થી પ્રસ્તુત સેન્ટરના નિયામકશ્રીને જાણ કરતાં સદરહુ સેન્ટરના કાર્યકારી નિયામકશ્રી બી. સ્વરૂપ દ્વારા

તેમના તા. ૧–૧–૨૦૦૪ ના પત્રાંક : સીએસએસ /એસજીયુ/ ૬૦૧ / ૨૦૦૪ ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે સર્વગ્રાહી તપાસ કરી અહેવાલ આપવા અંગેની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

(૧) ડૉ.પી.કે.હિરાધર

(૨) શ્રી જયેશભાઈ દેશકર

(૩) ડૉ. મહેન્દ્રભાઈ ચૌહાણ

(૧૯) યુનિવર્સિટી સંલગ્ન (૧) સરકારી સ્વનિર્ભર બી.એડ. કોલેજ, વાંસદા (૨) સરકારી સ્વનિર્ભર બી.એડ. કોલેજ, કરચેલિયા (તા. મહુવા) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩– ૨૦૦૪ થી શરૂ કરવામાં આવી છે, તથા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. પરંતુ અન્ય સ્વનિર્ભર કોલેજોની માફક કોલેજદીઠ એફિલીયેશન ફીની રકમ રૂ. ૧,૦૦,૦૦૦/– યુનિવર્સિટી કાર્યાલયમાં જમાં કરાવી નથી, તો પ્રસ્તુત કોલેજો પાસેથી એફિલિયેશન ફીની રકમ મંગાવવી કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: પ્રસ્તુત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૨૦) સને–૨૦૦૪માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ભાલમણ થયેલ પ્રાશ્નિકોની યાદીમાં પરર્શીયન વિષયમાં (૧) પ્રા.આઈ.જી.બુખારી (ભરૂચ) તથા (૨) પ્રા.એ.એમ.કાપડીયા (ચીખલી) ની ૬૨ વર્ષ ઉપરના નિવૃત થયેલ પ્રાધ્યાપકોને બ્રાહય–પ્રાશ્નિક તરીકે ભલામણ કરવામાં આવી છે.

એકેડમિક કાઉન્સિલની તા.૨૩–૧૨–૨૦૦૩ના ઠરાવ ક્રમાંક:(૬૩) અન્વયે ઠરાવેલ છે કે, પરીક્ષકોની નિમણૂક સમિતિએ કરેલી ભલામણો સ્વીકારવી અને વધુમાં ઠરાવેલ છે કે, ૬૨ વર્ષ ઉપરની પ્રાશ્નિકોની કરેલી ભલામણો રદ કરવી અને તેમની જગ્યાએ નવી નિમણૂક અંગે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીને સત્તા આપવી.

પરર્શીયન વિષયમાં કોલેજોમાં એડહોક ધોરણે નિમણૂક થયેલ અધ્યાપકો હોય તથા ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં પણ પરર્શીયન વિષયમાં કાયમી અધ્યાપકો ન હોય, પરીક્ષકોની નિમણૂક સમિતિએ ઉપરોકત કરેલી બ્રાહય–પ્રાશ્નિકોને આ વર્ષ પુરતુ ચાલુ રાખવા વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના તા.૧૩–૧–૨૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: પ્રસ્તુત બાબત વિચારણામાંથી પાછી ખેંચવી.

(૨૧) તા.૨૩–૧–૨૦૦૪ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક: (૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯) પર વિચારણા કરવા બાબત.

(એસ્ટેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૩–૧–૨૦૦૪ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક: ૨, ૩, ૫, ૬, ૭, ૮ અને ૯ અન્વયે, નીચે પ્રમાણે નિર્ણય લેવા:

ભલામણ ક્રમાંક: ૨

**યુનિવર્સિટી કેમ્પસખાતેના વિવિધ મકાનો ખાતે સફાઈકામ માટે વાર્ષિક ધોરણે કામગીરી કરવા માટેના મળેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસખાતેના વિવિધ મકાનો ખાતે સફાઈકામ માટે વાર્ષિક ધોરણે કામગીરી કરવા માટેના મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર મે.દિપ કામલ કોન્ટ્રાકટરનું એક મહિનાના રૂા. ૪૪,૩૮૯/– લેખે ૧૨ માસના કુલ રૂા.૫,૩૨,૬૬૮/– નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

સિન્ડિકેટનો ઠરાવ

:: પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી. તથા યુનિવર્સિટીનાં કર્મચારીઓ હાલમાં આ કામ કરે છે. તેઓને કયાં પ્રકારનું કામ સોંપવું તે બાબત સ્ટાફ સ્ટેટીંગને સોંપવી.

ભલામણ ક્રમાંક: ૩

**એમ. એસસી. (આઈ.ટી.) ભવનની લેબોરેટરી માટે કન્ટીન્યુઅસ કોમ્પ્યુટર ટેબલ બનાવી સપ્લાય કરવા અંગે મળેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એસસી. (આઈ.ટી.) ભવનની લેબોરેટરી માટે કન્ટીન્યુઅસ કોમ્પ્યુટર ટેબલ બનાવી સપ્લાય કરવા અંગે મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર શ્રી ફર્નિચર કોન્સેપ્ટ, સુરત નું રૂા.૯૬૦/– લેખે કુલ રૂા. ૩,૭૪,૪૦૦/– નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

સિન્ડિકેટનો ઠરાવ

:: ઉપરોકત ભલામણ સ્વીકારવી અને તદ્દનુસાર એમ.એસસી.(આઇ.ટી.) ભવનની લેબોરેટરી માટે કન્ટીન્યુઅસ કોમ્પ્યુટર ટેબલ બનાવી સપ્લાય કરવા અંગે મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર શ્રી ફર્નિચર કોન્સેપ્ટ, સુરતનું રૂ.૯૬૦/– ( Per R.F.T) લેખે કુલ રૂ.૩,૭૪,૪૦૦/– નું ટેન્ડર મંજૂર કરવું.

<u>ભલામણ ક્રમાંક: ૫</u>

**યુનિવસિર્ટી કેમ્પસ ખાતે બંધાનારા કોમ્પ્યુટર સાયન્સભવન માટે આર્કીટિક શ્રી.મનીષભાઇ ચોકસી તથા શ્રી.કિશોરભાઇ હાથીવાળા તરફથી મળેલ નકશા તથા અંદજો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવસિર્ટી કેમ્પસ ખાતે બંધાનારા કોમ્પ્યુટર સાયન્સભવન માટે આર્કીટિક શ્રીમનીષભાઇ ચોકસી તથા શ્રી કિશોરભાઇ હાથીવાળા તરફથી મળેલ નકશા તથા અંદજો પૈકી શ્રીમનીષભાઇ ચોકસીના નકશા તથા અંદજો ગ્રાહય રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

<u>સિન્ડેકેટનો ઠરાવ</u>

:: ઉપરોકત ભલામણ અનુસાર યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર કોમ્પ્યુટર સાયન્સ ભવન માટે આર્કિટેકટ શ્રી.મનીષભાઇ ચોકસીના નકશા તથા અંદાજો સામેલ પરિશિષ્ટ મુજબના મંજૂર કરવા.

(પરિશિષ્ટ–'ગ')

<u>ભલામણ ક્રમાંક: ૬</u>

**યુનિવસિર્ટી કેમ્પસ ખાતે બંધાનારા બાયો–સાયન્સના મકાનના એક્ષટેન્સન માટે આર્કીટિક શ્રી.મનીષભાઇ ચોકસી તથા શ્રી.કિશોરભાઇ હાથીવાળા તરફથી મળેલ નકશા તથા અંદજો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવસિર્ટી કેમ્પસ ખાતે બંધાનારા બાયો–સાયન્સના મકાનના એક્ષટેન્સન માટે આર્કીટિક શ્રી.મનીષભાઇ ચોકસી તથા શ્રી.કિશોરભાઇ હાથીવાળા તરફથી મળેલ નકશા તથા અંદજો પૈકી શ્રી.મનીષભાઇ ચોકસીના નકશા તથા અંદજો ગ્રાહય રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

<u>સિન્ડેકેટનો ઠરાવ</u>

:: ઉપરોક્ત ભલામણ અનુસાર યુનિવર્સિટી કેમ્પસ ખાતે બંધાનાર બાયો–સાયન્સના મકાનના એક્ષ્ટેન્ડસન માટે આર્કિટેકટ શ્રી મનીષભાઈ ચોકસીના નકશા તથા અંદાજો સામેલ પરિશિષ્ટ મુજબના મંજૂર કરવા.

(પરિશિષ્ટ–'ઘ')

<u>ભલામણ ક્રમાંક: ૭</u>

**યુનિવસિર્ટી કેમ્પસ ખાતેના હાલના રસ્તાઓના રીપેર/ રીકારપેટ કરાવવાના અંદજો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવસિર્ટી કેમ્પસ ખાતેના હાલના રસ્તાઓના રીપેર/ રીકારપેટ કરાવવાના કુલ **રૂ.૯,૮૪,૬૦૫/–** અંદજો ઉપરાંત એમ.આર.એસ ડિપાર્ટમેન્ટની સૂચિત સાઈટ સુધી એમ.એચ.આર.ડી વિભાગની સામેનો રોડને રીકારપેટ કરાવવા અંદાજે રૂ.૧,૨૦,૩૩૦/– ખર્ચ મળીને **કુલ રૂ.૧૧,૦૪,૯૩૫/–** ના મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટનો ઠરાવ</u>

:: ઉપરોક્ત ભલામણ અનુસાર યુનિવર્સિટી કેમ્પસ ખાતેના હાલના રસ્તાઓના રીપેર/રીકારપેટ કરવાના કુલ રૂ.૯,૮૪,૬૦૫/–ના અંદાજો ઉપરાંત એમ.આર.એસ. ડિપાર્ટમેન્ટની સુચિત સાઈટ સુધી એમ.એસ.ડિપાર્ટમેન્ટની સુચિત સાઈટ સુધી એમ.એચ.આર.ડી. વિભાગની સામેના રોડને રીકારપેટ કરાવવાનો અંદાજીત ખર્ચ રૂ.૧,૨૦,૩૩૦/– મળીને કુલ રૂ.૧૧,૦૪,૦૩૫/– મંજૂર કરવા.

<u>ભલામણ ક્રમાંક: ૮</u>

યુનિવસિર્ટી કેમ્પસ ખાતેના ચોથાવર્ગ કવાર્ટસ તથા એમ.એસ.સી (આઈ.ટી) ભવન તેમજ કેમેસ્ટ્રી બિલ્ડીંગ એક્ષ્ટેન્શનના એપ્રોચ રોડ માટે મળેલા ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવસિર્ટી કેમ્પસ ખાતેના ચોથાવર્ગ કવાર્ટસ તથા એમ.એસ.સી (આઈ.ટી) ભવન તેમજ કેમેસ્ટ્રી બિલ્ડીંગ એક્ષ્ટેન્શનના એપ્રોચ રોડ માટે મળેલા ટેન્ડરોને દફતરે કરવા અને બિલ્ડીંગ કમિટીમાં રજૂ કરવામાં આવેલ વિકલ્પો ઉપર ચર્ચા વિચારણા કરતા આર.સી.સી. રોડ વધુ ટકાઉ જણાતા હોવાથી આર.સી.સી રોડની ડિઝાઈન

મુજબના **કુલ રૂા.૧૨,૩૨,૮૫૬.૧૨** અંદાજો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડીકેટનો ઠરાવ</u>

:: ઉપરોકત ભલામણ અનુસાર યુનિવર્સિટી કેમ્પસ ખાતેના ચોથા વર્ગના કવાર્ટસ તથા એમ.એસસી(આઇ.ટી.) ભવન તેમજ કેમેસ્ટ્રી બિલ્ડીંગ એક્ષ્ટેનશનના એપ્રોચ રોડ, આર.સી.સી. રોડ વધુ ટકાઉ જણાતા હોવાથી આર.સી.સી.રોડની ડિઝાઇન મુજબના કુલ રૂા.૧૨,૩૨,૮૫૬/–ના અંદાજો મંજૂર કરવા

<u>ભલામણ ક્રમાંક: ૯</u>

**યુનિવર્સિટી કેમ્પસ ખાતેના વહીવટી બિલ્ડીંગમાં પાર્કીંગ બાબત. સાઇડવીંગ તરફ નવા એપ્રોચ રોડ બનાવવાના વિવિધ અંદાજો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતેના વહીવટી બિલ્ડીંગમાં પાર્કીંગ બાબત. સાઇડવીંગ તરફ નવા એપ્રોચ રોડ બનાવવા માટે કેમ્પસ ખાતેના ચોથાવર્ગ કવાર્ટસ તથા એમ.એસ.સી (આઇ.ટી) ભવન તેમજ કેમેસ્ટ્રી બિલ્ડીંગ એક્ષ્ટેન્શનન બિલ્ડીંગ કમિટીમાં રજૂ કરવામાં આવેલ વિકલ્પો ઉપર ચર્ચા વિચારણા કરતા આર.સી.સી. રોડ વધુ ટકાઉ જણાતા હોવાથી આર.સી.સી રોડની ડિઝાઇન મુજબના **કુલ રૂા.૪,૬૭,૫૯૬/–** અંદાજો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડીકેટનો ઠરાવ</u>

:: ઉપરોકત ભલામણ અનુસાર યુનિવર્સિટી કેમ્પસ ખાતેના વહીવટી બિલ્ડીંગમાં પાર્કિંગ બાબત, સાઇડવીંગ તરફ નવા એપ્રોચ રોડ, આર.સી.સી. રોડ વધુ ટકાઉ જણાતા હોવાથી આર.સી.સી.રોડની ડિઝાઇન મુજબના કુલ રૂા.૪,૬૭,૫૯૬/–ના અંદાજો મંજૂર કરવા.

(૨૨) સને ૨૦૦૪ના વર્ષ દરમ્યાનની યુનિવર્સિટીમાં પાળવાની જાહેર રજાઓ નકકી કરવા તથા સરકારશ્રીએ નકકી કરેલા ધોરણે મરજીયાત રજાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૪ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીમાં પાળવાની જાહેર રજાઓ તથા સરકારશ્રીએ નકકી કરેલા ધોરણે મરજીયાત રજાઓ સરકારશ્રીના જાહેરનામા મુજબ મંજૂર કરવી અને તદ્નુસાર પરિપત્રિત કરવાનું રાખવું.

(૨૩) યુનિવર્સિટી ધ્વારા નાયબ કુલસચિવની જગા માટે આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ અન્વયે પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, નાયબ કુલસચિવની જગા માટેની જાહેરાતના સંદર્ભમાં પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ અન્વયે, પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨૪) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સના અનુસ્નાતક વિભાગમાં લેકચરરની જગા પર નિમણૂક અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સના વિભાગમાં વ્યાખ્યાતાની જગા પર નિમણૂક અંગે ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની ભલામણના સંદર્ભમાં પ્રથમ ક્રમે પસંદગી પામેલ શ્રી ધર્મેન્દ્ર જી. ભટ્ટી એસ.ઈ.બી.સી.ના ઉમેદવાર છે. પ્રવર્તમાન અનામત નીતિના ધારાધોરણો અનુસાર એસ.ટી.ના ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની હોઈ, ધ્વિતીય ક્રમે પસંદગી પામેલ એસ.ટી.ના ઉમેદવાર શ્રી વિમલ કે.ચૌધરીને વ્યાખ્યાતાના પદ પર વ્યાખ્યાતાના પગાર ધોરણ રૂા.૮,૦૦૦/–, ૧૩,૫૦૦/– માં રૂા.૮૦૦૦/– ના પાયાના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક આપવી.

(૨૫) યુનિવર્સિટી તરફથી સને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે વિવિધ પ્રકારની ઉત્તરવાહીઓના છાપકામ કરાવવા અંગે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટિસ આપી મંગાવવામાં આવેલ ભાવપત્રક સંદર્ભમાં કાર્યાલયને મળેલા ભાવોના આ સાથેના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી સને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે વિવિધ પ્રકારની ઉત્તરવહીઓના છાપકામ કરાવવા માટે મળેલ ભાવપત્રકો પૈકી મેસર્સ ઉષા પ્રિન્ટરીના ભાવો ઓછા હોઈ તેમને સાથે વાટાઘાટ કરી ભાવ ઘટાડો કરાવી કાગળની ગુણવત્તા નકકી કરવાની ઈ.ચા.કુલસચિવશ્રી તથા ઈ.ચા.પરિક્ષા નિયામકને સત્તા આપવી અને તે મુજબ યુનિવર્સિટીએ આપેલ નમૂનામાં ઉત્તરવહીઓના છાપકામ કરવાનો કોન્ટ્રાકટ મેસર્સ ઉષા પ્રિન્ટરી, સુરતને આપવો.

(૨૬) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સના અનુસ્નાતક વિભાગમાં પ્રોફેસરની જગા પર નિમણૂક અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ, વિભાગમાં પ્રોફેસરની જગા પર નિમણૂક અંગે ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની ભલામણના સંદર્ભમાં પસંદગી પામેલ ઉમેદવાર ડો.અપૂર્વ.એ.દેસાઈને પ્રોફેસરના પગાર ધોરણ રૂા.૧૬૪૦૦–૪૫૦–૨૦૯૦૦–૫૦૦ –૨૨૪૦૦માં રૂા.૧૬૪૦૦/– ના પાયાના પગારથી નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ તા.૨૮–૧૧–૮૪ના સભાના ઠરાવ ક્રમાંક:(૯) અન્વયે, તેઓ અગાઉની જગા પર કાયમ થયા હોવાથી અજમાયશી સમયનો આગ્રહ રાખવો નહિ.

(૨૭) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સના અનુસ્નાતક વિભાગમાં બે લેકચરર (કોન્ટ્રાકટ બેઝ પર)ની જગા પર નિમણૂક અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં બે વ્યાખ્યાતા (કોન્ટ્રાકટ બેઝ પર)ની જગા પર નિમણૂક અંગે ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની ભલામણના સંદર્ભમાં પસંદગી પામેલ ઉમેદવારો (૧) શ્રી ઉતકર્શ એન.કાપડીયા અને (૨) શ્રી નિશાંત આઈ. પટેલની વ્યાખ્યાતા (કોન્ટ્રાકટ બેઝ પર) તરીકે નિમણૂક આપવી.

(૨૮) યુનિવર્સિટીના એમ.એસસી.(આઈ.ટી) સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામમાં ત્રણ લેકચરર (કોન્ટ્રાકટ બેઝ પર)ની જગા પર નિમણૂક અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે રચાયેલી પસંદગી સમિતિની તા.૨૭–૧–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ.એસસી. (આઈ.ટી.) સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામમાં ત્રણ લેકચરર (કોન્ટ્રાકટ બેઝ પર) નિમણૂક અંગે ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૨૭–૧–૨૦૦૪ની ભલામણના સંદર્ભમાં પસંદગી પામેલ ઉમેદવારો (૧) કુ. ઋતુ પી.શાહ અને (૨) હેમન્ત કુમાર એસ.પટેલની વ્યાખ્યાતા (કોન્ટ્રાકટ બેઝ પર) તરીકે નિમણૂક આપવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, શ્રી ધર્મેન્દ્ર જી.ભટ્ટી, એસ.ઇ.બી.સી.નાં ઉમેદવાર છે. તેઓ કોમ્પ્યુટર સાયન્સ અનુસ્નાતક વિભાગના રેગ્યુલર લેકચરરમાં પ્રથમ ક્રમે પસંદગી પામેલ ઉમેદવાર હોય પરંતુ તેમાં પ્રવર્તમાન અનામત નિતિના ધારાધોરણો અનુસાર એસ.ટી. ઉમેદવારની પ્રથમ પસંદગી કરવાની હોવાથી, શ્રી ધમેન્દ્ર જી ભટ્ટીની એમ.એસસી.(આઇ.ટી) (સેલ્ફ ફાયનાન્સ) પ્રોગ્રામમાં ત્રીજા લેકચરર તરીકે કોન્ટ્રાકટ બેઇઝ પર નિમણૂક કરવામાં આવે છે.

(૨૯) ડિપાર્ટમેન્ટ ઓફ એકવેટીક બાયોલોજી વિભાગ માટે વૈજ્ઞાનિક સાધન BOD Track Apparatars ખરીદવા દૈનિક વર્તમાન પત્રો સંદેશ, ગુજરાતમિત્રમાં જાહેરાત આપવામાં આવી હતી કુલ ત્રણ પાર્ટીઓનાં ટેન્ડરો મળ્યા હતા તે પૈકી M/s Orbit Technologies Pvt. Ltd. Baroda. મારફત ઇમ્પોર્ટ કરવા (રૂા.૧,૨૫,૭૩૨/–) ના અંદાજીત કિંમતે ખરીદવા વિચારણા કરવા બાબત.

(એકવેટીક બાયોલોજી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકવેટીક બાયોલોજી વિભાગ માટે યુ.જી.સી. તરફથી દશમી પંચવર્ષીય યોજના હેઠળ ઇકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે વિધ્વિ પાર્ટીઓ પાસેથી મળેલ ટેન્ડરો પૈકી M/S Orbit Technologies Pvt. Ltd. Baroda મારફત રૂા.૧,૨૫,૭૩૨/– માં B.O.D Track Apparatus 110/230 V-AC(Imported) ખરીદવું.

<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>

(૩૦) મેડીકલ ફેકલ્ટીની પીજી(ડીગ્રી અને ડિપ્લોમાં) માં પ્રવેશ પ્રક્રીયાની પધ્ધતી અંગે વિચારણા કરવાં બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રીય પ્રવેશ ટેસ્ટનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો તથા તે અંગે સર્વગ્રાહી અને તમામ પાસાઓનો વિચાર કરવા આ બાબત મેડીકલ ફેકલ્ટીને મોકલવી.

(૩૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/અનુસ્નાતક વિભાગોના શિક્ષકો ધ્વારા કરવામાં આવતા ટયૂશનો બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે સંકળાયેલ શિક્ષક/શિક્ષકો ધ્વારા થતા ટયૂશન બાબતે શિક્ષકો સામે આવશ્યક તમામ કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૧૩–૨–૨૦૦૪ ઇ.ચા.કુલસચિવ
ક્રમાંક : એસ–૧(૧)/૧૪૦૯ તા:૧૩–૨–૨૦૦૪
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............